સુરત મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિની તા.૧૫–૧૨–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૦–૧૧–૨૦૨૩ ના પત્ર નં.સીમીસ/૨/૭૩ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ખાતા/ઝોન ધ્વારા દરખાસ્ત સાથે સામેલ પત્રક–અ માં જણાવેલ કુલ–૩૨ કામો અંગે કુલ રૂા.૨૩,૪૮,૧૮૩–૪૩ અને પત્રક–બ માં જણાવેલ કુલ–૪ કામો અંગે કુલ રૂા.૬,૬૭,૧૭૧/– ના થયેલ ખર્ચની ધી જી.પી.એમ.સી. એકટ (અધિનિયમ)–૧૯૪૯ ની કલમ–૭૩(ડી) હેઠળ જાણ લેવાનું તથા પત્રક–બ માં જણાવેલ કામો અંગે ટેન્ડર ન મંગાવવાની થયેલ અનિયમિતતા ધી જી.પી.એમ.સી. એકટ (અધિનિયમ)–૧૯૪૯ ના અનુસુચિ–અ ના પ્રકરણ–૫ ના નિયમ–૨(૨) ના પ્રોવાઈઝો અનુસાર કોન્ડોન કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૮૮/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૧૨–૨૦૨૩.

*GOPAL*

FOR INFORMATION PURPOSE ONLY

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”

સુરત મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિની તા.૧૫–૧૨–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૬–૧૧–૨૦૨૩ ના પત્ર નં.સીમીસ/૨/૭૨ થી વિદિત થઈ, શહેર સુરતમાંથી ઉત્પન્ન થતા ઘનકચરાના વ્યવસ્થાપન, પ્રોસેસીંગ, ટ્રીટમેન્ટ તથા ડિસ્પોઝલની કામગીરીઓ માટે મોજે : ઉબેર, બ્લોક નં.૧૯૭ ખાતે ૩,૦૦,૦૦૦ ચો.મી. જગ્યા તેમજ બ્લોક નં.૧૯૯ ખાતેની ૪૦,૪૬૯ ચો.મી. મળી કુલ ૩,૪૦,૪૬૯.૦૦ ચો.મી. ની જગ્યા પર ૩૦૦૦ મે.ટન/દિનની ક્ષમતાના સેન્ટ્રલાઈઝડ પ્રોસીસીંગ પ્લાન્ટ બનાવવાના કામે નીચે મુદ્દા નં.(૧) થી (૪) માં જણાવેલ વિગતે નિર્ણય લેવાનું સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવે છે.

(૧) કન્સલટન્ટ All India Institute of Local Self Government ધ્વારા સદરહું જગ્યા પર ૩૦૦૦ મે.ટન/દિનની ક્ષમતાના સેન્ટ્રલાઈઝડ પ્રોસીસીંગ પ્લાન્ટ બનાવવાની કામગીરી માટે દરખાસ્ત સાથે સામેલ ANNEXURE A માં જણાવેલ વિગતે સિવિલ વર્કસના રૂા.૭૨,૨૫,૩૯,૪૬૮/– ના નેટ અંદાજ તથા રૂા.૮૩,૦૯,૨૦,૩૮૮/– ના ગ્રોસ અંદાજ તેમજ જરૂરી મશીનરી/સાધનો/વાહનોના રૂા.૯૩,૮૮,૭૨,૭૯૫/– ના નેટ અંદાજ મળીને કુલ રૂા.૧૬૬,૧૪,૧૨,૨૬૩/– ના નેટ અંદાજ તથા રૂા.૧૭૬,૯૭,૯૩,૧૮૩/– ના ગ્રોસ અંદાજ બજેટહેડ એકા.કોડ "૮૧/૯૫, ૫૬૦૨" અને એકા.કોડ "૮૧/૯૫, ૫૭૨૯" ખાતે મંજુર કરવામાં આવે છે.

(૨) સદર અંદાજો કામની અગત્યતા ધ્યાને લઈ, હંગામી ધોરણે તૈયાર કરવામાં આવેલ હોય અને સદરહું જગ્યા પર GPCB, CRZ, Environment Clearance ઉપરાંત વિવિધ સરકારી કચેરીઓ/વિભાગની મંજુરી/"ન વાંધા પ્રમાણપત્ર" માં સુચવ્યાનુસાર/ સુચવવામાં આવનાર મુદ્દાઓ/શરતો પરત્વેના કામનો સમાવેશ કરવાની પ્રબળ શકયતાઓ રહેલી હોય, જે કારણસર મુદ્દા નં.(૧) માં જણાવેલ અંદાજોમાં જો શકય જણાયે ટેન્ડર પ્રક્રિયા વખતે અથવા સ્થળ પર કરાવવામાં આવનાર કામગીરી અનુરૂપ વધ–ઘટ થવાની સંભાવનાઓને મંજુર કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(૩) ઉપરોકત મુદ્દા નં.(૨) માં જણાવ્યા મુજબ સુચિત મળવાપાત્ર GPCB, CRZ, Environment Clearance ઉપરાંત વિવિધ સરકારી કચેરીઓ/વિભાગની મંજુરી/ "ન વાંધા પ્રમાણપત્ર" માં સુચવ્યાનુસાર/સુચવવામાં આવનાર મુદ્દાઓ/શરતો પરત્વે હાલના અંદાજમાં રજુ કરવામાં આવેલ લે–આઉટમાં ફેરફારો ઉપરાંત અન્ય કોઈ પણ પ્રકારના તાંત્રિક ફેરફારો કરવાની સુચના મળે તો તે અંગે આનુસાંગિક નિર્ણય લઈ યોગ્ય કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

૨...

FOR INFORMATION PURPOSE ONLY

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”

(૪) સદર કામગીરીઓ માટે સ્વચ્છ ભારત મિશન ૨.૦, ૧૫ માં નાણાપંચ, રાજય અને કેન્દ્ર સરકારશ્રીની અન્યત્ર યોજના અંતર્ગત મળનાર ગ્રાંટ તથા નાણાકીય સંસ્થા જેમ કે CITIES, IFC વિગેરે જેવી સંસ્થાઓ પાસેથી મળનાર લોન/ગ્રાંટ મેળવી, સુરત મહાનગરપાલિકાના સ્વભંડોળ ઓછું ભારણ રહે તે હેતુ ધ્યાને લઈ, સુરત મહાનગરપાલિકાના નાણાકીય હિતમાં જે તે જરૂર મુજબની કામગીરીઓ EPC ધોરણે/Partial PPP ધોરણે/PPP ધોરણે કરાવવાનું અને યોગ્ય કાર્યવાહી કરવા તથા તે અંગેની વિગત કામગીરી સોંપણી પહેલા જે તે સક્ષમ સત્તા સમક્ષ રજુ કરી મંજુરી મેળવવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

**ઠરાવ નં.૮૯/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

---

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૧૨–૨૦૨૩.

નકલ સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ.

*GOPAL*

FOR INFORMATION PURPOSE ONLY

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”